Special (Ele.)Civil Suit No. 215 / 16

**દાવો દાખલ તારીખ ૨૯/૦૧/૨૦૧૬**
**દાવો રજી. તારીખ ૨૯/૦૧/૨૦૧૬**
**ફેંસલ તારીખ ૩૧/૦૧/૨૦૧૮**

| **સમય અવધી** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| | **૦૨** | **–** | **૦૨** |

**રાજકોટના મે. ૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ**

**સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૨૧૫ /૨૦૧૬**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી
આટકોટ સબ ડીવીઝન, રાજકોટ ........... **વાદી**

**વિરૂધ્ધ**

**પાંચાભાઈ રાજાભાઈ ધોળકીયા**
**રહે.** મું . રાજવડલા જામ,
તા. જસદણ જી. રાજકોટ .......... **પ્રતિવાદી**

**દાવો :– વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૩,૧૧૨–૨૦ પૈસા <u>વસુલ મળવા અંગે</u>**

**એડવોકેટસ :–**
**વાદી તરફે : વિધ્વાન વકીલશ્રી જે.એમ. મગદાણી**
**પ્રતિવાદી તરફે : એકતરફી**

**– :: <u>ચુ કા દો</u> :: –**

**(૧)** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદાજુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું આટકોટ સબડીવીઝન રાજકોટ મુકામે આવેલ છે. આ કામની દાવા અરજીમાં સહી કરનાર અધિકારી વાદી કંપનીના જવાબદાર અધિકૃત ઓફીસર છે અને

હાલના દાવાની હકીકતથી માહીતગાર છે.

**(૨)** આ કામના પ્રતિવાદી વાદી પીજીવીસીએલની આટકોટ સબડીવીઝન પાસ ેથી કાયદેસર રીતે વીજજોડાણ મેળવ્યા વગર વીજવપરાશ કરતા હોય બીનઅધીકૃત, બીન નોંધાયેલ વીજવપરાશકાર હોય નોન કન્ઝયુમર દરજ્જે તેમને કરેલ વીજવપરાશની રકમ મેળવવા હાલનો દાવો વાદી કંપનીએ પ્રતિવાદી સામે લાવેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટ જીલ્લાના આટકોટ સબડીવીઝનના તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૨૦/૨/૨૦૧૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં સદરહું સ્થળ ઉપર વાદીકંપનીનું કોઈ મીટર આપવામાં આવેલ ન હોવા છતાં પ્રતિવાદીએ પોતાની રીતે હળવા દબાણની એલ.ટી.લાઈનના પોલ પરથી એક સર્વિસ વાયર ખેંચી લંગર બનાવી બિનઅધીકૃત રીતે વિજવપરાશ કરતા માલુમ પડેલા . ઉપરોકત વિગતે પ્ર તિવાદી ચોરી કરતા માલુમ પડેલા. આમ પ્રતિવાદી ડાયરેકટ વીજવપરાશ કરતા હતા. આમ પ્રતિવાદી બીનઅધીકૃત રીતે વિજ જોડાણ કરી વીજ વપરાશ કરતા માલુમ પડેલ. ગેરકાયદેસર વીજ જોડાણ કાપી નાખેલ. આમ લંગર નાખી પાવર ચોરી કરતા રંગે હાથે ઝડપાયેલા. પ્રતિવાદીએ લાઈન ખેંચી સીધી પાવર ચોરી કરી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા માલુમ પડેલ. આ રીતે ગેરકાયદેસર રીતે સીધુ વીજ જોડાણ લઈ વીજ વપરાશ કરતા માલુમ પડેલ. પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતાં વીજવપરાશ કરી સ્પષ્ટ પાવર ચોરી કરતા માલુમ પડેલા સ્થળ ઉપર રોજકામ કરેલું વાયર કબજે કરેલ, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ પ્રતિવાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજચોરી કરતાં હોય વાદી કંપનીએ નિયમમાનુસાર વીજ ચોરીનું બીલ આપેલ, છતાં સદરહું રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા વાદી કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ

પડેલ છે. વાદીની કચેરી દ્વારા ઉપરોકત પ્રતિવાદીને પુરવણી બીલ આપેલુ જે પ્રતિવાદી એ ભરેલ નહી. ત્યારબાદ આ કામના વાદીએ પ્રતિવાદીને તા. ૨૨/૦૭/૧૫ ના રોજ રૂા. ૩૦૨૧–૦૦ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું સદરહું નોટીસ મુજબ પ્રતિવાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજવપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચુકવણી ચાર્જના મળીને કુલ રકમ રૂા.૩૧૧૨ –૨૦ બાકી લેણા રહે છે વીજવપરાશનું પુરવણી બીલ મોકલીને લેણી રકમની ઉઘરાણી કરેલ છે તેમ છતાં પ્રતિવાદી તરફથી રકમ વસુલ નહી આવતા છેલ્લે તા. ૨૨/૭/૧૫ની નોટીસનો પ્રતિવાદી કોઈ અમલ નહી કરતા આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

**(૩)** હાલનો દાવો દાખલ થતાં આ કામના પ્રતિવાદીને સમન્સ / નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ / નોટીસ બજી જવા છતાં પ્રતિવાદી કે તેમના વકીલશ્રી હાજર ન રહેતા ના.કોર્ટે તેમના વિરૂધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ. પ્રતિવાદી દ્વારા વાદીના દાવાને કોઈપણ રીતે પડકારવામાં આવેલ નથી.

**(૪)** વાદી કંપની તરફે તેમના જવાબદાર અધીકારી સંદીપકુમાર છગનલાલ હીરાણી એ આંક ૯ થી દાવા અરજીના સર્મથનમાં પુરાવાનું સોગંદનામું રજુ કરેલ તથા દાવાના સર્મથનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવાઓ ::–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૧૧ | પરફોર્મા નં. ૧૨ |
| (૨) | ૧૨ | ઓફીસ નોટ |
| (૩) | ૧૩ | લેજર કોપી |
| (૪) | ૧૪ | એફ.આર.આરની ખરીનકલ |
| (૫) | ૧૫ | રજી.એડીની પહોંચ |
| (૬) | ૧૬ | પ્રતિવાદીને આપેલ નોટીસ |
| (૭) | ૧૭ | વીજચોરીની ફરીયાદ |
| (૮) | ૧૮ | વીજચોરીનું બીલ |

| | | |
|---|---|---|
| (૯) | ૧૯ | ગણતરી |
| (૧૦) | ૨૦ | ચેકીંગ રીપોર્ટની ગણતરી |
| (૧૧) | ૨૧ | રોજકામ |

ત્યારબાદ **આ કામના વાદી તરફથી આંક ૨૨ ની પુરશીશથી તેઓએ પોતાનો મૌખીક પુરાવો પુરો થયાનું જાહેર કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ.**

**આ કામના પ્રતિવાદી દ્વારા વાદીના દાવાને કોઈપણરીતે પડકારેલ નથી અને તેમના તરફથી કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.**

**(૬) હાલના દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ આંક ૮ થી ફેમ કરેલ છે.**

૧. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજવપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?

૪. શું વાદીનો સમયમર્યાદામાં છે ?

૫. શું હુકમ તથા હુકમનામુ ?

**(૭)**ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩. હકારમાં
૪. હકારમાં
૫. આખરી હુકમ મુજબ

**–– ::: <u>કા ર ણો</u> ::––**

**(૮)** આ કામમાં મુદ્દા નં. ૧ થી ૪ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય તેથી પુનરાવર્તન નો દોષ નિવારવા માટે મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા એક

સાથે કરવામાં આવેલ છે.

**(૯)** આ કામના વાદીના દાવાની હકીકત મુજબ આ કામના પ્રતિવાદી વાદી પીજીવીસીએલની આટકોટ સબડીવીઝન પાસેથી કાયદેસર રીતે વીજજોડાણ મેળવ્યા વગર વીજવપરાશ કરતા હોય બીનઅધીકૃત, બીન નોંધાયેલ વીજવપરાશકાર હોય નોન કન્ઝયુમર દરજજે તેમને કરેલ વીજવપરાશની રકમ મેળવવા હાલનો દાવો વાદી કંપનીએ પ્રતિવાદી સામે લાવેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટ જીલ્લાના આટકોટ સબડીવીઝનના તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૨૦/૨/૨૦૧૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં સદરહું સ્થળ ઉપર વાદીકંપનીનું કોઈ મીટર આપવામાં આવેલ ન હોવા છતાં પ્રતિવાદીએ પોતાની રીતે હળવા દબાણની એલ.ટી.લાઈનના પોલ પરથી એક સર્વિસ વાયર ખેંચી લંગર બનાવી બિનઅધીકૃત રીતે વિજવપરાશ કરતા માલુમ પડેલા . ઉપરોકત વિગતે પ્રતિવાદી ચોરી કરતા માલુમ પડેલા. આમ પ્રતિવાદી ડાયરેકટ વીજવપરાશ કરતા હતા.પ્રતિવાદીએ લાઈન ખેંચી સીધી પાવર ચોરી કરી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા માલુમ પડેલ. પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતાં વીજવપરાશ કરી સ્પષ્ટ પાવર ચોરી કરતા માલુમ પડેલા સ્થળ ઉપર રોજકામ કરેલું વાયર કબજે કરેલ, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ પ્રતિવાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજચોરી કરતાં હોય વાદી કંપનીએ નિયમમાનુસાર વીજ ચોરીનું બીલ આપેલ, છતાં સદરહું રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા વાદી કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. ત્યારબાદ આ કામના વાદીએ પ્રતિવાદીને તા. ૨૨/૦૭/૧૫ ના રોજ રૂા. ૩૦૨૧–૦૦ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું સદરહું નોટીસ મુજબ ્ તિવાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજવપરાશની

પુરવણી બીલની રકમ અને વિલંબીત ચુકવણી ચાર્જના મળીને કુલ રકમ રૂા. ૩૧૧૨ –૨૦ બાકી લેણા રહે છે વીજવપરાશનું પુરવણી બીલ મોકલીને લેણી રકમની ઉઘરાણી કરેલ છે તેમ છતાં પ્રતિવાદી તરફથી રકમ વસુલ નહી આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

આ હકીકત સાબીત કરવા માટે વાદી કંપનીના જવાબદાર અધિકારી સંદીપકુમાર છગનલાલ હીરાણીને આંક ૯ થી તપાસેલ છે . આ સાહેદે પોતાના પુરાવાના સોગંદનામામાં દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે. વાદી કંપનીના આ સાહેદના પુરાવાને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

આમ કાયદાકીય સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પ્રતિવાદી દ્વારા પડકારવામાં ન આવે તો તે આ હકીકતો સ્વીકારે છે તેમ માનવુ પડે. આ ઉપરાંત વાદી એ પોતાનો કેસ પ્રસ્થાપીત કરવા માટે આંક ૧૦ થી આંક ૨૦ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ ઉપરથીએ હકીકત સ્પષ્ટ થાય છે કે તારીખ ૨૦/૨/૨૦૧૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં સદરહું સ્થળ ઉપર વાદીકંપનીનું કોઈ મીટર આપવામાં આવેલ ન હોવા છતાં પ્રતિવાદીએ પોતાની રીતે હળવા દબાણની એલ.ટી.લાઈનના પોલ પરથી એક સર્વિસ વાયર ખેંચી લંગર બનાવી બિનઅધીકૃત રીતે વિજવપરાશ કરતા માલુમ પડેલા . પ્રતિવાદીએ લાઈન ખેંચી સીધી પાવર ચોરી કરી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા માલુમ પડેલ. આ રીતે ગેરકાયદેસર રીતે સીધુ વીજ જોડાણ લઈ વીજ વપરાશ કરતા માલુમ પડેલ.

પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતાં વીજવપરાશ કરી સ્પષ્ટ પાવર ચોરી કરતા માલુમ પડેલા સ્થળ ઉપર રોજકામ કરેલું વાયર કબજે કરેલ, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ પ્રતિવાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજચોરી કરતાં હોય વાદી કંપનીએ નિયમમાનુસાર વીજ ચોરીનું બીલ આપેલ, છતાં સદરહું રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા વાદી

કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. વાદીની કચેરી દ્વારા ઉપરોકત પ્રતિવાદીને પુરવણી બીલ આપેલુ જે પ્રતિવાદી એ ભરેલ નહી. ત્યારબાદ આ કામના વાદીએ પ્રતિવાદીને તા. ૨૨/૦૭/૧૫ ના રોજ રૂા. ૩૦૨૧–૦૦ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું સદરહું નોટીસ મુજબ પ્રતિવાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી અને વાદી કંપનીના પ્રતિવાદી પાસે વાદીના લેજરના સ્ટેટમેન્ટ મુજબ રૂા.૩૧૧૨–૨૦ લેણા બાકી રહે છે.

આ કામના સાહેદએ રાજયસેવક છે, તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે તે પોતાની ફરજના ભાગરૂપે કરી છે તેમજ રજુ થયેલા તમામ દસ્તાવેજોએ અસલની ખરીનકલો છે અને આંક ૧૦ થી આંક ૨૦ સુધીના તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડી માંથી રજુ થયેલ છે, આ દસ્તાવેજોને પ્રતિવાદી દ્વારા કોઈપણ રીતે પડકારેલા નથી ત્યારે આ દસ્તાવેજોને ન માનવા નું કોઈ કારણ રહેતું નથી.

**(૧૦)** આ કામના વાદી દ્વારા ૧૨ % ના વ્યાજની માંગણી કરેલ છે પરંતું આ કામના પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કોઈ લેખીત કરાર કરવામાં આવેલ નથી આ સંજોગોમા પ્રવર્તમાન બેંક વ્યાજના ધોરણો તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલા વ્યાજના ધોરણો ધ્યાનમાં લેતા વાદીની ૧૨ % વ્યાજની માંગણી વધારે પડતી હોય તેમજ Municipal Corporation of Delhi Vs. Association of Victims of Uphaar Tragedy reported in 2012 ACJ – 48 and looking to the prevailing rate of Bank interest, interest at the rate of 9% p. a. would be just and proper. તેથી વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % વ્યાજ સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** આ કામના વાદી કંપનીના અધીકારીઓ દ્વારા તા. ૨૦/૨/૧૩ ના રોજ પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ કરેલ છે અને જરૂરી રીપોર્ટસ તૈયાર કરેલા

છે અને વાદી દ્વારા પ્રતિવાદીને તા.૨૨/૦૭/૧૫ ના રોજ લેખીતમાં નોટીસ આપેલ જયારે હાલનો દાવો તારીખ ૨૯/૦૧/૨૦૧૬ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, આમ હાલનો દાવો વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે અને વાદીના દાવાને લીમીટેશન એકટનો કોઈ બાધ નડતો નથી.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદ્દા નં. ૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદૃા નં. ૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**– :: <u>હુ ક મ</u> ::–**

**(એ)** વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને રૂા. ૩૧૧૨–૨૦ પૈસા દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક નવ ટકા ( ૯ % )ના સાદા વ્યાજસહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મીલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(બી)** વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૩૧ મી જાન્યુઆરી સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

રાજકોટ
તા. ૩૧/૦૧/૨૦૧૮

**( વિનોદ વી. પરમાર )**
**૧૨માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા**
**સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)**
**રાજકોટ**
**UNIQ ID NO.GJ01514**